સુવિચાર : પૂર્ણપણાનો એક નશો હોય છે, હું જે કરું છું એ બધું જ પૂર્ણ જ હોય તેમ માનવું એ ધીમું ઝેર છે - ચંદ્રકાન્ત બક્ષી



**તાપમાન**
મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૬૭ ટકા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૪૬ | ૫ ઓગસ્ટ, ૨૦૧૫, બુધવાર ; અષાઢ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- થાણેમાં ઇમારત ધરાશાયી થતા ૧૧ લોકોના મોત થયા
- બધા કોંગી સાંસદોને સસ્પેન્ડ કરવા રાહુલ ગાંધીનો પડકાર
- આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર ૧૨ ચોકીઓ પર ગોળીબાર
- કોઇપણ વ્યક્તિ પેટ્રોલ પંપ હવે શરૂ કરી શકશે
- આસારામ કેસ : ટ્રાયલ જેલ પ્રાંગણમાં આજથી શરૂ થશે
- સેંસેક્સ ૧૧૫ પોઇન્ટ ઘટી ૨૮૦૭૨ની સપાટી ઉપર
- બંગાળ પુર : મોતનો આંકડો ઝડપથી વધીને હવે ૭૨ થયો
- ૨૬/૧૧ ત્રાસવાદી હુમલા મામલે પાકિસ્તાને ભુલ સ્વીકારવી જોઇએ
- મોદી સરકાર ઇન્ફ્રા પ્રોજેક્ટો પર ઝડપથી ખર્ચ કરે તે ખુબ જરૂરી
- હિટ એન્ડ રન : વિસ્મય ૨૧ દિવસ બાદ જેલમાંથી મુક્ત

# વ્યાજદર યથાવત

**રેપોરેટ, રિવર્સ રેપોરેટ, કેશ રિઝર્વ રેશિયો યથાવત : લોન સસ્તી નહીં થાય : ચાવીરૂપ રેટ યથાવત રાખવા અંતે નિર્ણય : એસએલઆરને ચાર ટકાના દરે યથાવત રાખવાનો નિર્ણય : આરબીઆઈની ત્રીજી દ્વિમાસિક નાણાકીય નીતિ સમીક્ષા આર.બી.આઈ. ગવર્નર રઘુરામ રાજન દ્વારા જાહેર કરાઈ**



મુંબઇ,તા. ૪

બેંક ઓફ ઈન્ડિયાએ આજે ભારે અપેક્ષા વચ્ચે તેની ત્રીજી દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષા જારી કરી હતી. આરબીઆઈએ વ્યાજદરને ધારણા પ્રમાણે જ યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો. આની સાથે જ કાર લોન, આવાસ લોન અને અન્ય વ્યક્તિગત લોન સસ્તી થવાની આશામાં રહેલા લોકોને નિરાશા હાથ લાગી હતી. સસ્તી લોનની રાહ જોઇ રહેલા લોકોને હજુ રાહ જોવી પડશે. પોલિસી રેપોરેટને હવે ૭.૨૫ ટકાના દરે યથાવત રાખવામાં આવ્યો છે. જ્યારે રિવર્સ રેપોરેટનો ૬.૨૫ ટકાના દરે યથાવત રાખવામાં આવ્યો છે. સીઆરઆરને ચાર ટકાના દરે યથાવત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ટૂંકમાં ચાવીરુપ રેટ યથાવત રાખવામાં આવ્યા છે. એસએલઆરને ૨૧.૫ ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય લેવાયો છે. આરબીઆઈની પોલિસી સમીક્ષા જારી કરતા રઘુરામ રાજને કેટલીક મહત્વપૂર્ણ વાત કરી હતી. સરકાર તરફથી કોઈ દબાણ હોવાનો ઈનકાર કરતા રાજને કહ્યું હતું કે, પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈને આ નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે તેમણે ઉમેર્યું હતું કે, બેંકો લોકોને રાહત આપે તે જરૂરી છે. મુંબઈમાં તેમની ત્રીજી દ્વિમાસિક નાણાંકીય

● અનુસંધાન પાન-૩ પર

# રાજ્યના ૭૩ પોલીસ ઈન્સ્પેક્ટરોને બઢતીના હુકમો, ૬૩ ડીવાયએસપી બદલાયા

ગાંધીનગર, તા. ૪

રાજ્યના ગૃહ વિભાગે આજે ૭૩ જેટલા પોલીસ ઈન્સ્પેક્ટરોને ડી.વાય.એસ.પી. તરીકે બઢતી આપતા હુકમો કર્યા છે તેમજ આ સાથે અન્ય એક હુકમમાં ૬૩ ડી.વાય.એસ.પી.ની બદલીના હુકમો જારી કર્યા છે.

**ગાંધીનગર જિલ્લાના ૭ પોલીસ ઈન્સ્પેક્ટરોને બઢતી**

ગૃહ વિભાગે જે ૬૩ ડી.વાય.એસ.પી.ની બદલીના હુકમો કર્યા છે તેમાં કલોલ

● અનુસંધાન પાન-૩ પર

### જિલ્લામાં કોને-કોને બઢતી

| નામ | બઢતી સાથે બદલીની જગ્યા |
|---|---|
| વાય.આર. ગામિત<br>ટ્રાફિક પી.આઈ. ગાંધીનગર | એ.સી.પી.<br>વડોદરા શહેર ઈ. ડીવીઝન |
| એસ.ડી. પટેલ<br>સી.પી.આઈ. ગાંધીનગર | એસીપી<br>ટ્રાફિક અમદાવાદ શહેર |
| બી.એ. ચાવડા<br>સિની. પીઆઈ સે. ૨૧, ગાંધીનગર | બનાસકાંઠા<br>હેડક્વાર્ટર |
| એન.એસ. મલીક<br>કલોલ સીટી પી.આઈ. | હિંમતનગર<br>હેડક્વાર્ટર |
| એન.સી. ભરવાડ<br>ચિલોડા પોલીસ ઈન્સ્પેક્ટર | વડોદરા<br>સેન્ટ્રલ જેલ |
| એચ.સી. રાઠવા<br>કલોલ શહેર પી.આઈ. | મહેસાણા<br>એલ.સી.એસ.ટી. સેલ |
| એસ.એમ. સૈયદ<br>એલ.આઈ.બી.પી.આઈ, ગાંધીનગર | જામનગર<br>હેડક્વાર્ટર |



**ઘડપણની ડગમગ ડગલી સાથે બાળપણની પા-પા પગલી...**

ઘ-પથી ઘ-૬ સુધીનો રસ્તો કંઈ બહુ લાંબો ન કહેવાય, પણ જીવનની ૮૦ વર્ષ જેટલી લાંબી મજલ કાપી હોય ત્યારે ટૂંકો મારગેય લાંબો ભાસે. અને ત્યારે આઠ વર્ષની દીકરીને એવું લાગે કે હું બાને રસ્તે દોરું છું, પણ વાસ્તવમાં બા એને દોરતાં હોય! પણ, આ ઘટનામાં એવું બન્યું કે, બા અને બાળા બેઉને તસવીરકારે તસવીરમાં કેદ કર્યાં અને પછી એક રિક્ષા રોકીને પોતે ભાડું ચૂકવવાની તૈયારી દર્શાવી. તો, રિક્ષાવાળા ભાઈએ જાતે જ કહી દીધું, હું આ બંનેનું ભાડું નહિ લઉં! સલામ રીક્ષાચાલકને....



**રાહદારીઓ માટે જોખમરૂપ લટકતી ડાળો** - ગાંધીનગરમાં તોફાની વરસાદે સર્જેલી તારાજીને એક સપ્તાહ વીતી જવા પામ્યું છતાં હજુ પણ પડી ગયેલા અસંખ્યા વૃક્ષો નગરજનો માટે નડતરરૂપ હોવા છતાં ખસેડાયા નથી. મોટા તોતીંગ વૃક્ષો ખસેડવામાં કદાચ સમય લાગે પણ જે વૃક્ષની ડાળીઓ અડધી પડધી તુટીને કોઈના માથા પર પડે તે રીતે લટકી રહી છે શું તેને પહેલા ઉતારી ના લેવી જોઈએ? વન વિભાગ કોઈ અકસ્માત સર્જાય તેની રાહ જોઈ રહ્યો છે? વન મહોત્સવની સરકારી ઉજવણીઓમાંથી સમય કાઢીને સામાન્ય જનના હિતનો વિચાર કરવાની અત્યારે તાતી જરૂર છે તે કોણ સમજાવશે? રોડ નં. ૩ પર સે-૬ પાસે લટકી રહેલ આ ડાળ સુકાતા જ જાનહાનિ સર્જે તેવી ભીતિ છે. **(તસવીર : કશ્યપ નિમાવત)**

# ...નહિ તો નવનિર્માણથી પણ વધુ જલદ આંદોલન થશે : શંકરસિંહ

**પાટીદાર અનામત આંદોલનકારો સાથે વાત કરો : વિરોધપક્ષના નેતાની માંગણી : વિજાપુરના ધારાસભ્ય વી.આઈ પટેલે મુખ્યમંત્રીને પત્ર લખી તેમની કક્ષાએથી જ કાર્યવાહી કરવા માંગ કરી**

ગાંધીનગર, તા. ૪

ઓગષ્ટ મહિનો એ ક્રાંતિનો મહિનો છે. રાજ્ય સરકારે પાટીદાર અનામત આંદોલનકારો સાથે સત્વરે વાતચીત કરવી જોઈએ નહિ તો નવનિર્માણથી પણ વધુ જલદ આંદોલન આકાર પામી શકે છે તેમ વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ જણાવતાં કહ્યું હતું કે આ આંદોલન સાથે કોંગ્રેસને કોઈ લેવા દેવા નથી.



વિધાનસભા ખાતે પત્રકારો સાથે વાતચીત કરતાં તેમણે કહ્યું હતું કે ગુજરાતમાં વિકાસની વાતો કરતી ભાજપની સરકારે કેવી જુઠાણાની રાજનીતિ કરી છે તેનો આ આંદોલન પુરાવો છે. રાજ્યની વિકસીત જાતિ હવે અન્યાયના નારા સાથે અનામતની માંગ સાથે રોડ પર આવી છે. વિકાસનો ગુબ્બારો ફુટી ગયો છે.

તેમણે જણાવ્યું હતું કે રાજ્યમાં તીવ્ર ગતિએ આંદોલન

● અનુસંધાન પાન-૩ પર

# સૌરભભાઈ પટેલ જિલ્લાકક્ષાના ધ્વજવંદન સમારોહમાં અતિથિ બનશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાકક્ષાના રાષ્ટ્રીય ધ્વજવંદન કાર્યક્રમમાં રાજ્યના ઉદ્યોગમંત્રી શ્રી સૌરભભાઈ પટેલ હાજરી આપશે.



કલોલ શહેર ખાતે યોજાનાર આ ધ્વજવંદન સમારોહ અંગે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

સવારે નવ વાગે સૌરભભાઈ પટેલ ધ્વજવંદન કરાવી પરેડની સલામી ઝીલશે તેમજ ઉપસ્થિત જનમેદનીને સંબોધન પણ કરશે. તેઓ આ કાર્યક્રમ પછી તાલુકા અને જિલ્લા કચેરીઓની પણ સ્વચ્છતા મિશન અંતર્ગત મુલાકાત લેશે. મળતી વિગતો મુજબ ૧૫ ઓગષ્ટના કાર્યક્રમને આગામી એકાદ બે દિવસમાં જ આખરી ઓપ આપી દેવામાં આવશે.

# પંચાયતોમાં પ્રમોશનો આપવાની કાર્યવાહી કરવા સરકારને કહેવાશે

**નાયબ ચીટનીસના પે ગ્રેડની વિસંગતતા માટે સરકારમાં રજુઆત કરાશે : દિલીપ દવે**

ગાંધીનગર, તા. ૪

પંચાયત સેવા કર્મચારી મહામંડળની તાજેતરમાં મળેલ કારોબારી સમિતિની બેઠકમાં પંચાયતોમાં બઢતી આપવામાં થતા વલિબં અને નાયબ ચીટનીસ સંવર્ગના ગ્રેડ પે ની વિસંગતતાને લઈ ગંભીર ચર્ચા વિચારણાઓ થઈ હતી.

રાજ્યની વિવિધ જિલ્લા પંચાયોતમાં કર્મચારીઓની બઢતી પ્રક્રિયા છેલ્લા ઘણા સમયથી વિલંબમાં પડેલી છે. આ માટે સરકારમાં પણ વારંવાર રજુઆતો કરવા છતાં કોઈ હકારાત્મક પગલાં ભરવામાં ના આવતાં કર્મચારીઓમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.

મહામંડળના નવનિયુક્ત મહામંત્રી શ્રી દિલીપ દવેએ જણાવ્યું હતું કે કર્મચારીઓને બઢતી એ તેમનો અધિકાર છે પણ ખાતાકીય પસંદગી સમિતિની બેઠકો ટાળવામાં આવી રહી છે. જેને કારણે કામગીરી પર વિપરીત અસરો પડી રહી છે.

શ્રી દવેએ કહ્યુ હતુ કે નાયબ ચીટનીસના પે ગ્રેડની વિસંગતતા માટે વારંવાર રજુઆતો કરી છે પરંતુ સરકારમાં કોઈ જ ઉકેલાત્મક કાર્યવાહી કરવામાં આવી નથી.

તેમણે કર્મચારીઓના આ બન્ને મહત્વના પ્રશ્નો અંગે તાકીદે કાર્યવાહી કરવાની માંગ કરતાં જણાવ્યું છે કે સરકાર જો યોગ્ય નહિ કરે તો ના છૂટકે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની કર્મચારીઓને ફરજ પડશે.

શ્રી દવેએ કહ્યુ હતુ કે આ મુદ્દે વધુ એક વખત સરકારમાં રજુઆત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને પછી જો ઉકેલ ના આવે તો આંદોલનનો માર્ગ અપનાવવામાં આવશે. તેમણે કહ્યું હતું કે અમે સંવાદમાં માનીએ છીએ સંઘર્ષમાં નહિ. સંઘર્ષ માટે અમને મજબુર સરકાર નહિ કરે તેવી શ્રદ્ધા છે.

# અમદાવાદની ફાર્મા કંપની પર આવકવેરાના દરોડા

**ઓફિસ અને નિવાસસ્થાન સહિતના સ્થળે દરોડા : અમદાવાદ, રાજકોટ તેમજ સુરતમાં સેંકડો અધિકારીનો કાફલો જોડાયો : વિવિધ દસ્તાવેજોમાં સવારથી જ તપાસ**

અમદાવાદ, તા.૪

અમદાવાદની ફાર્મા કંપની કવેરીસ લાઈફ સાઈન્સ લિમિટેડ ઉપર આવકવેરાએ સપાટો બોલાવ્યો હતો. આજે સવારથી આવકવેરાની દરોડાની કામગીરી શરૂ થઇ હતી. ફાર્મા કંપની ઉપર કાર્યવાહી કરવામાં આવતા ખળભળાટ મચી ગયો હતો. અમદાવાદ અને મુંબઈ સહિત દેશના અન્ય શહેરોમાં સામૂહિક દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડાની આ કાર્યવાહીમાં અમદાવાદ ઉપરાંત રાજકોટ અને સુરતના ૧૭૫ જેટલા અધિકારીઓનો કાફલો જોડાયો છે. અને કંપનીના ભાગીદારોના નિવાસસ્થાન તેમજ ઓફિસ ઉપર તપાસ શરૂ કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આવકવેરા ખાતાની આ કાર્યવાહી દરમિયાન કરોડો રૂપિયાની કિંમતના બિનહિસાબી વ્યવહારો મળી આવે તેવી સંભાવના છે. કલેરીસ લાઈટ સાઈન્સ લિમિટેડ લગભગ ૧૫૦૦ કરોડ રૂપિયાનું ટર્નઓવર ધરાવે છે. આજે વહેલી સવારથી આવકવેરાના અધિકારીઓનો કાફલો એકલા અમદાવાદમાં ૨૦ સ્થળે ત્રાટક્યો હતો. અમદાવાદમાં પરિમલ ગાર્ડન પાસે કંપનીના કોર્પોટેર ઓફિસ આવેલી છે અને ઓફિસ ઉપરાંત કંપનીના સંચાલકો અર્જુન હાન્ડા અને આદિત્ય હાન્ડાના જજીસ બંગલા વિસ્તારમાં આવેલા નિવાસસ્થાને દરોડાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. અમદાવાદ ઉપરાંત મુંબઈ સહિત અન્ય શહેરોમાં પણ આવકવેરા વિભાગના અધિકારીઓએ તપાસ શરૂ કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ કંપની નિકાસ ક્ષેત્રે પણ મોટુ નામ ધરાવે છે અને લગભગ ૪૦ દેશો સાથે તેનો વ્યવસાય જોડાયેલો છે. કલેરીસ ફાર્માનું મુખ્ય સંચાલન અર્જુન હાન્ડા કરે છે.

દિલ્હી અક્ષરધામ, મથુરા, ગોકુળ, વૃંદાવન, હરિદ્વાર, ઋષિકેશ, અયોધ્યા, છપૈયા, અલ્હાબાદ, ચિત્રકુટ, કાશી દિ.૧૨, ૭૫૦૦/-
અયોધ્યા, છપૈયા, કાશી, પ્રયાગ દિ.૮, ૫૩૦૦/-
કાશી, ગયા, ગંગાસાગર, જગન્નાથપુરી દિ.૧૧, ૯૮૦૦/-
અયોધ્યા, પોખરા, કાઠમંડુ, મનોકામના દિ.૧૨, ૧૦૮૦૦/-
કલકત્તા, ગંગાસાગર, જગન્નાથપુરી દિ.૮, ૭૦૦૦/-
ભક્તિ ટુર્સ | 9033394250

बैंक ऑफ़ इंडिया Bank of India BOI
સંબંધોની જમા પુંજી



પેથાપુર શાખા
તાલુકો અને જીલ્લો ગાંધીનગર
તા. ૦૫-૮-૨૦૧૫ બુધવાર
સવારે ૧૦-૩૦ કલાકે
બેન્ક ઓફ ઈન્ડિયા, ગાંધીનગર ઝોન એની નવી શાખા શુભમ કોમ્પ્લેક્સ, બસસ્ટેન્ડ પાસે, પેથાપુર ખાતે શરૂ કરી રહી છે...
સર્વને હાર્દિક નિમંત્રણ
રેણુ ભાર્ગવ, મેનેજર | અખીલેશ જલોટા, ઝોનલ મેનેજર (ડેઝીગ્નેટ) | રાજીવ પાઠક, ઝોનલ મેનેજર

Tally POWER OF SIMPLICITY
INSTITUTE OF Tally LEARNING
JOB READY WITHIN 3 MONTHS!
Learn Tally.ERP 9 only at an Authorized Training Institute of Tally Education, Bengaluru
Electroware Infotech Pvt. Ltd.
#702, 7th Floor, Meghmalhar Complex, Sector-11
Gandhinagar, Gujarat - 382011
Mobile:9558551551 Phone:079-23229444
Email: training@electroware.net